



સુવિચાર : વર્તમાનકાળની ફરજોને આપણે વફાદાર રહીએ તો ઇશ્વર ભવિષ્ય માટેની જોગવાઇ કરી આપે છે - સમયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૨ | ૨ મે, ૨૦૧૫, શનિવાર ; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નગરના પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદી

## ડેપ્યુટી મેયર પદે કાર્તિક પટેલ ચૂંટાયા : ઉત્તેજના પૂર્ણ માહોલમાં ભાજપના બંને ઉમેદવારો ૧૮ વિરુદ્ધ ૧૫ મતે વિજયી થયા

ગાંધીનગર, તા.૧

કોંગ્રેસ છોડી ભાજપમાં ભળેલા શ્રીમતી હંસાબેન મોદી આજે ૩ મતની



સરસાઈથી ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મયેર તરીકે નિયુકતી પામ્યા છે.

ગાંધીનગર મહાનગર-પાલિકામાં વિદાય લેતા મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં રાણા સાથે જ પક્ષપલ્ટો કરી આવેલા શ્રીમતી હંસાબેન મોદીને મેયર તરીકે નિયુકત કરવા ભાજપના શ્રી આશિષ દવે અને શ્રી કાર્તિક પટેલે દરખાસ્ત કરી હતી. જેની સામે કોંગ્રેસ પક્ષે શ્રીમતી પીન્કીબેન પટેલના નામની દરખાસ્ત રજુ કરી હતી.

દરખાસ્ત પર મતદાન કરાવાતાં શ્રીમતી મોદીની તરફેણમાં ૧૮ અને શ્રીમતી પટેલની તરફેણમાં ૧૫ મત પડતાં શ્રીમતી મોદીને વિજેતા જાહેર કરાયા હતાં.

શ્રીમતી મોદીની વરણીની પ્રક્રિયા આ પછી હાથ ધરાઈ હતી. ભાજપના સભ્યો સંદીપ જયોતિકર, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા અને અન્યો તેમને મેયરની ખુરશી સુધી દોરી ગયા હતા. આ પછી વિદાય લેતા મેયરશ્રી રાણાએ તેમને અભિનંદન આપી સ્થાન શોભાવવા જણાવ્યું હતું.

મેયરપદે નિયુકત થયા બાદ શ્રીમતી મોદીએ ડે. મેયરની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. ભાજપના શ્રી કાર્તિક પટેલની તરફેણમાં ૧૮ અને કોંગ્રેસના મીનાબેન વાઘેલાની તરફેણમાં ૧૫ મત પડતાં શ્રી કાર્તિક પટેલને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રી કાર્તિક પટેલને ભાજપના શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી સુરેશ મહેતા, શ્રી જયોતિકર અને અન્ય સભ્યો ડે. મેયરની ખુરશી સુધી દોરી ગયા હતા. જયાં વિદાય લેતા ડે. મેયરશ્રી સુભાષ પાંડવે ભેટીને શ્રી પટેલને અભિનંદન આપી સ્થાન શોભાવવા જણાવ્યું હતું.

ત્યાર બાદ ભાજપ તરફથી સ્થાયી સમિતના ૧૨ સભ્યોની યાદી રજુ કરાઈ હતી તો કોંગ્રેસ તરફથી પણ ૧૨ સભ્યોની યાદી રજુ કરાઈ હતી. જે પણ મત માટે રજુ થતાં ભાજપની યાદીની તરફેણમાં ૧૮ અને વિરૂધ્ધમાં ૧૫ મત પડયા હતા.

રાજયના અને ગાંધીનગર મહાનગરપાલિકાના સ્થાપના દિને પ્રથમ મહિલા મેયર બનેલા શ્રીમતી હંસાબેન મોદીએ સામાન્ય સભા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે કાઉન્સીલરો અને પ્રદેશ મોવડી મંડળે તેમનામાં મુકેલા વિશ્વાસને તેઓ સાર્થક કરવા પ્રયત્નશીલ રહેશે. તેમણે તેમની કરાયેલી પસંદગી માટે આભારની લાગણી વ્યકત કરી હતી.

ગાંધીનગર મનપાના મેયરશ્રી



મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ શ્રીમતી મોદી અને સુભાષ પાંડવે કરેલા પક્ષાંતરના મુદ્દે દોઢ વર્ષના લાંબા કાનુની જંગનો અંત આવતાં આજે મળેલ સામાન્ય સભામાં નવા હોદ્દેદારોની નિયુકતી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રીજા ડે. મેયર તરીકે વરાયેલા શ્રી કાર્તિક પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે પક્ષની નેતાગીરી અને કાઉન્સીલરોએ મુકેલ વિશ્વાસ સાથે પ્રજાભિમુખ તંત્રને વધુ ગતિશીલ બનાવવા તેઓ તત્પર છે.

## શિક્ષિકા પ્રથમ મહિલા મેયર તો આચાર્ય ડે. મેયર બન્યા

### કાર્તિક પટેલ નેશનલ યુથ એવોર્ડથી સન્માનિત છે તો માધ્યમિક શિક્ષણ બોર્ડના જંગમાં ટાઈ પડતાં પરાજિત થયા હતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર શ્રીમતિ હંસાબેન મોદી વ્યવસાયે શિક્ષિકા છે. તો ડે. મેયર તરીકે વરાયેલા શ્રી કાર્તિક પટેલ અમદાવાદની બી.આર. પટેલ નૂતન ફેલોશિપના આચાર્ય છે.

શ્રીમતિ મોદી જી.ઈ.બી.ની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજો બજાવે છે. શિક્ષિકા તરીકે તેઓ આગવી ઓળખ ધરાવે છે. તેમના પિતાશ્રી કાન્તિભાઈ મોદી પણ ગાંધીનગરની સહકારી સંસ્થા નાગરિક બેંકના ડિરેક્ટર પદે સેવા આપી ચુક્યા છે.

ડે. મેયર તરીકે વરાયેલા શ્રી કાર્તિક પટેલ આમ તો નગરમાં યુવા પ્રવૃત્તિથી કારકિર્દી શરૂ કરી હતી. તેમણે ભારત સરકારના નેશનલ યુથ એવોર્ડથી સન્માનિત થયેલા છે. તેઓએ એરોમા સ્કુલમાં શિક્ષક તરીકે અને હાલમાં બી.આર. પટેલ નૂતન ફેલોશિપ હાઈસ્કૂલના આચાર્ય તરીકે ફરજો બજાવે છે.

શ્રી કાર્તિક પટેલના પિતાશ્રી પુરૂષોત્તમભાઈ પટેલ પણ નાગરિક બેંકના ડિરેક્ટર તેમજ કર્મચારી અગ્રણી તરીકે જાણીતા હતા.

શ્રી કાર્તિક પટેલે છેલ્લે યોજાયેલ માધ્યમિક શિક્ષણ બોર્ડની આચાર્યની બેઠક માટે જંગમાં ઝુકાવ્યુ હતુ અને મતગણતરીમાં સરખા મત પડતાં ટાઈ પડી હતી અને ચિઠ્ઠી ઉછાળતાં તેમને પરાજિત જાહેર કરાયા હતા.

શ્રી કાર્તિક પટેલ ગાંધીનગર કલ્ચરલ ફોરમના સક્રિય સભ્ય છે. તેમની નિમણુંક થયાના સમાચારો વહેતા થતાં જ કલ્ચરલ ફોરમ દ્વારા તેમનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન વિષયોના શિક્ષક તરીકે તેમની આગવી ઓળખ છે.


(તસવીર : દિપક જાની)

## મારી સક્રિયતામાં ઓછપ નહિ આવે : મહેન્દ્રસિંહ રાણા

ગાંધીનગરના વિદાય લેતા મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે જણાવ્યું હતું કે ગાંધીનગરની જનતાએ મારા કાર્યકાળ દરમ્યાન જે પ્રેમ હૂંફ અને માર્ગદર્શન આપ્યુ છે તે ક્યારેય ભૂલાશે નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે મેયરપદ બાદ પણ ગાંધીનગરના પ્રશ્નો અંગેની સક્રિયતામાં ક્યાંય ઓછપ નહિ આવે. જે વિકાસના કામો હાથ ધરાયેલા છે તે પૂર્ણ થાય તે જોવાશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના મેયર તરીકે કામ કરવાની મઝા સાથે મને ઘણુ બધુ ભાથુ મળ્યુ છે જે મારા જીવનમાં હુ ક્યારેય વિસરી શકીશ નહિ.

## સ્થાયી સમિતિના સભ્યોની નિયુક્તિમાં રાણા, પાંડવ અને હંસાબેનના નામો કોંગ્રેસની યાદીમાં

### ભાજપની યાદી ૧૮ વિરૂદ્ધ ૧૫ મતે સ્વીકારાઈ રાણા-પાંડવ અને શ્રીમતિ મોદીએ પોતાની વિરૂદ્ધ મતદાન કર્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણીમાં કોંગ્રેસ છોડી ભાજપમાં ભળેલા ત્રણ સભ્યો શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી સુભાષ પાંડવ અને શ્રીમતિ હંસાબેન મોદીએ આજે કોંગ્રેસ દ્વારા રજુ થયેલા ૧૨ સભ્યોની યાદીમાં હોવા છતાં તેમની વિરૂદ્ધ મતદાન કર્યું હતું. પોતે જ પોતાને મત નહિ આપ્યો હોય તેવી મહત્વની ઘટના આ સામાન્ય સભામાં બની હતી.

કોંગ્રેસ પક્ષે જે ૧૨ સભ્યોની યાદી રજુ કરી હતી જેમાં શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી હસમુખ મકવાણા, શ્રી અશોક શ્રીમાળી, શ્રી નામદેવ વરસાત, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી જીતુ રાયકા, શ્રીમતિ રંજનબેન ખાંટ, શ્રીમતિ ભાવનાબેન ચાવડા, શ્રીમતિ ભાવનાબા કે. વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી સુભાષ પાંડવ અને શ્રીમતિ હંસાબેન મોદીના નામનો સમાવેશ થાય છે. આ યાદીની તરફેણમાં ૧૫ મત પડ્યા હતા.

ભાજપે રજુ કરેલી યાદીમાં શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી પ્રકાશ પટેલ, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિ, શ્રીમતિ પરાગીબેન પંડ્યા, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રી સુરેશ મહેતા, શ્રી સંદીપ જયોતિકર, શ્રીમતિ પ્રવિણાબેન દરજી, સુશ્રી દર્શનાબેન, શ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રી રાકેશ પટેલનો સમાવેશ થાય છે.

## વોર્ડ નં. ૩ શુકનવંતો રહ્યો... પ્રથમ મેયર અને અને પ્રથમ મહિલા મેયર પણ આ વોર્ડે આપ્યા

ગાંધીનગર મહાનગરપાલિકાનો વોર્ડ નં. ૩ સૌથી શુકનિયાળ સાબિત થયો છે. આ વોર્ડે પ્રથમ મેયર, પ્રથમ મહિલા મેયર તેમજ ડે. મેયર પણ આપ્યા છે. આ વોર્ડના ૩ સભ્યોએ જ કોંગ્રેસમાં બળવો પોકાર્યો હતો. આ ત્રણેય સભ્યોની એકતાએ પણ રંગ રાખ્યો છે.

આ વોર્ડની વિશેષતા એ પણ છે કે ગાંધીનગરની પ્રથમ ઈંટ જી.ઈ.બી. ગેસ્ટ હાઉસની મુકાઈ હતી એટલે પ્રથમ મેયર અને પ્રથમ મહિલા મેયર પણ ત્યાંથી મળ્યા એટલુ જ નહિ ડે. મેયર તરીકે વિદાય લેનાર સુભાષ પાંડવ પણ આજ વોર્ડના છે.

## કહી ખુશી કહી ગમના દશ્યો મનપામાં સર્જાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા હોદ્દેદારોની નિયુક્તીના મામલે આજે મનપામાં કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળ્યા હતા.

ભાજપ તરફથી પ્રદેશ નેતાઓના મેન્ડેટ અને નામ સાથેનું બીડુ ખુલતાં જ આ દશ્યો સર્જાયા હતા. ભાજપના મહિલા સભ્યો ઉપરાંત કેટલાક સભ્યોમાં ખાનગીમાં કર્ણોપકર્ણ રીતે ગમના ગીતો ગુંજતા સાંભળવા મળ્યા હતા.

જો કે શહેરના પ્રભારી શ્રીમતિ રમીલાબેન બારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું અત્યંત ઝીણવટભરીથી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની રૂમમાંથી નિરીક્ષણ કરી રહ્યા હતા.

શ્રીમતિ બારાએ સામાન્ય સભા બાદ પક્ષની મહિલા સભ્યો સાથે પણ સારો એવો સમય વિતાવ્યો હતો. શ્રીમતિ હંસાબેન મોદીએ મેયરની કચેરીમાં આવી મેયર તરીકે સ્થાન ગ્રહણ કર્યાની ઘણી મિનિટો બાદ શ્રીમતિ બારા તેમને અભિનંદન આપી મનપામાંથી જવા રવાના થયા હતા. કોંગ્રેસના સભ્યોએ તો શ્રીમતિ મોદી વિજેતા જાહેર થતાં જ કોંગ્રેસના જ મેયર ચૂંટાયા છે તેમ કહી ભાજપના સભ્યોને ટોણા માર્યા હતા.

હોદ્દેદારોની પસંદગીમાં પ્રદેશ નેતાગીરીએ બધાને સાથે રાખી સંતુલિત વરણીનો પ્રયાસ કર્યો છે. બાકી રહી ગયેલા ૧૨ સભ્યોને સ્થાયી સમિતિમાં સમાવાયા છે તો સ્થાયી સમિતિના વિદાય લેતા ચેરમેન શ્રી આશિષ દવેની ગુડામાં વરણી થઈ છે. હવે મેયર અને ડે. મેયર શ્રી રાણાને સંગઠનમાં સમાવાશે તેવી અટકળો પણ આજે વહેતી થઈ હતી. શ્રીમતિ મોદીની પસંદગીને લઈ અંદરોઅંદર ગણગણાટ વધવા પામ્યો છે.

## કોંગ્રેસ વધુ એક વખત કાનૂની જંગ લડશે

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા મેયરની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષ વધુ એક વખત કાનૂની જંગ છેડશે. આજે ગાંધીનગર મહાનગરપાલિકાની મળેલ સામાન્ય સભા પૂર્વે અને સામાન્ય સભામાં મેન્ડેટનું વાંચન નહિ કરવા દેવા તેમજ મતદાનમાં પક્ષ વિરૂધ્ધ મતદાન કરવા માટે કોંગ્રેસ પક્ષે વધુ એક વખત મેયર શ્રીમતી હંસાબેન મોદી, માજી મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને પૂર્વ ડે. મેયર શ્રી સુભષ પાંડવ સામે કાનૂની જંગ છેડવામાં આવશે. પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિઝુંડાએ આજે આ અંગેના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. આ મુદ્દે તેમણે પક્ષના પ્રદેશ આગેવાનો અને નિરીક્ષકોને તેમનો અહેવાલ મોકલી આપ્યો છે.


સેલ...સેલ... તદ્દન નવુ સેલ

ગાંધીનગરનું સૌથી સસ્તુ લેડીઝવેરનું સેલ

● લેડીઝ ટી-શર્ટ ૧૫૦/- ૨ નંગ ● કોટન કુર્તી ૧૦૦ થી ૧૫૦/- ● લેગીન્સ ૧૦૦ કલરની રેન્જ સાથે ફક્ત ૧૦૦/- રૂા. ● બ્રાન્ડેડ લેગીન્સ ફક્ત ૧૫૦/- રૂા. ● બ્રાન્ડેડ જીન્સ ફક્ત ૩૫૦/- માંજ ● લમલમ ચેનવાળી એન્કલ પેન્ટ ફક્ત ૨૫૦/- રૂા. ● સલવાર કોટન ૨૦ કલર સાથે ફક્ત ૧૫૦ થી ૨૦૦ રૂા. ● રીયોન પટીયાલા દુપટ્ટા ફક્ત રૂા.૩૦૦માં ● કોટન અને શીફોન દુપટ્ટા પ્લેન પ્રિન્ટેડ રૂા.૬૦ થી ૧૦૦માં ● વેસ્ટર્ન ટોપ ફક્ત રૂા.૧૫૦ થી ૩૦૦માં ● વનપીસ ફક્ત ૫૦૦ રૂા.માં ● લગ્ન સરાની અનારકલી કુર્તી સાથે લેગીન્સ દુપટ્ટા ફ્રી ● હેરમ ફક્ત ૧૦૦ થી ૧૫૦માં જ ● નાના બાળકોના ટી-શર્ટ + પેન્ટ + જીન્સ અને લેગીન્સ ફક્ત રૂા.૬૦ થી ૩૫૦માં

૫૦૦ની ખરીદી ઉપર લેગીન્સ તો ફ્રી જ

ઘણીબધી વેરાયટી સૌથી સસ્તી

L Size સાઈઝથી 5 XL Size સાઈઝનીની બધી જ સાઈઝો મળશે

આસ્થા એન્ટરપ્રાઇઝ

સેક્ટર-૨૩/૨૪ ચોકડી કોર્નર, ગાંધીનગર.

Mo :97264 56228 બધા જ દિવસે ચાલુ રહેશે.

સમય : સવારે ૧૦:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી



જોઈએ છે

જુના કલર ટી.વી.

૧૪'', ૨૦'' અને ૨૧''

બંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬



ભાડે આપવાનું છે

ગાંધીનગરમાં હોસ્ટેલ માટે

૧૦૦ રૂમવાળું સંકુલ

સંપર્ક : ૯૮૭૯૫ ૬૬૩૬૬



Since 1986

अभय

ISO 9001:2008

• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad, Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com



હાર્દિક અભિનંદન



શ્રી કાર્તિકભાઈ પી. પટેલ

ડેપ્યુટી મેયર

ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર શહેરના ડેપ્યુટી મેયર પદે થયેલ આપની વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...

આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

ગાંધીનગર કલ્ચરલ ફોરમ